# ઉમરાળા તાલુકા જમીન વિકાસ બેંકની ચૂંટણીમાં કોંગ્રેસ પ્રેરિત પેનલનો વિજય

## ચાર ઉમેદવારો બહુમતીથી જીતતાં કાર્યકરોમાં ઉત્સાહ; વિજયોત્સવ મનાવી ખેડૂતના હિતો માટે લડવાનો સંકલ્પ વ્યક્ત કરાયો

ભાવનગર,તા.૨૦

ઉમરાળા તાલુકા જમીન વિકાસ બેંકની યોજાયેલી ચૂંટણીમાં કોંગ્રેસ પ્રેરિત ચાર ઉમેદવારો ઝળહળતો વિજય મેળવતાં સ્થાનિક કોંગ્રેસ કાર્યકરોમાં ભારે હરખ અને ઉત્સાહનો માહોલ છવાઈ ગયો છે. આ ચૂંટણીમાં જિલ્લા પ્રતિનિધિ સભ્ય તરીકે ઘનશ્યામસિંહ પ્રતાપસિંહ ગોહિલ, અજીતસિંહ બળવંતસિંહ ગોહિલ અને વિરેન્દ્રસિંહ જયદેવસિંહ ગોહિલ વિજયી બન્યા છે. જ્યારે તાલુકા પ્રતિનિધિ સભ્ય તરીકે રઘુવીરસિંહ કરણસિંહ ગોહિલનો ભવ્ય વિજય થયો હતો.



ચૂંટણીના પરિણામો જાહેર થતાં જ કોંગ્રેસના સ્થાનિક આગેવાનો, કાર્યકરો અને સમર્થકોએ એકઠા થઈને ધામધૂમથી વિજયોત્સવ ઉજવ્યો હતો. કોંગ્રેસના અગ્રણીઓએ આ જીતને ખેડૂતોના હિત, સર્વાંગી વિકાસ અને જનસેવાની એક નવી શરૂઆત તરીકે આવકારી હતી. આ પ્રસંગે ઉપસ્થિત કાર્યકરોએ વિજેતા ઉમેદવારોને અભિનંદન પાઠવીને તાલુકાના ખેડૂતોના પ્રશ્નો અને હિતોને પ્રાથમિકતા આપવા તેમજ લોકકલ્યાણના કાર્યોને વેગ આપવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. આ ચૂંટણી પરિણામથી ઉમરાળા તાલુકા કોંગ્રેસ સંગઠનમાં નવો સંચાર થયો છે.

# તળાજા બાદ મહુવાના રત્નકલાકારોએ મજૂરીમાં ભાવવધારાની માંગ ઉચ્ચારી

## મોંઘવારીના કારણે પરિવારનું ભરણ પોષણ મુશ્કેલ બન્યું: હીરા ઘસવાના ભાવ વધારવા રત્નકલાકારોની ગુહાર

ભાવનગર,તા.૨૦

મહુવાના રત્નકલાકારોએ હીરા ઘસવાની મજૂરીમાં સત્વરે ભાવવધારો કરવાની માંગ સાથે પ્રાંત અધિકારીને આવેદનપત્ર સુપરત કર્યું છે. રત્નકલાકારોએ આવેદનપત્રમાં જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં ગેસ, તેલ, પેટ્રોલ-ડીઝલ, કઠોળ, બસ ભાડાં અને શિક્ષણ સહિતની તમામ આવશ્યક ચીજવસ્તુઓ તથા સેવાઓમાં નોંધપાત્ર ભાવવધારો થયો છે. આ કમરતોડ મોંઘવારીની સરખામણીએ હીરા ઘસવાની મજૂરીના જૂના દરોમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી, જેના કારણે હાલની મજૂરીથી પરિવારનું ગુજરાન ચલાવવું અત્યંત મુશ્કેલ બની ગયું છે.

પરિવારના ભરણપોષણમાં પડતી ભારે આર્થિક તંગી અને દયનીય પરિસ્થિતિને ધ્યાને રાખીને પ્રાંત અધિકારી દ્વારા આ બાબતે યોગ્ય મધ્યસ્થી કરવામાં આવે તેવી માંગ કરાઈ છે. રત્નકલાકારોએ વિનંતી કરી છે કે હીરા ઘસવાની મજૂરીમાં વ્યાજબી ભાવવધારો અપાવવામાં આવે, જેથી તેઓ પોતાના કુટુંબનું યોગ્ય રીતે ભરણપોષણ કરી શકે.

# પર્યાવરણલક્ષી નિર્ણય: મહાપાલીકાની કચેરીઓમાં સિંગલ-યુઝ પ્લાસ્ટિકની બોટલો પર પ્રતિબંધ

## અધિકારીઓ-કર્મચારીઓએ સ્ટીલ કે કાચની બોટલ વાપરવી પડશે; બેઠકો અને સેમિનારમાં પણ પ્લાસ્ટિકની બોટલોનું વિતરણ બંધ કરવાનો કમિશનરનો આદેશ

ભાવનગર,તા.૨૦

ભાવનગર મહાનગરપાલિકા દ્વારા પર્યાવરણ સંરક્ષણ અને પ્લાસ્ટિક કચરાના નિવારણ અર્થે એક મહત્વપૂર્ણ પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. આજના સમયમાં સિંગલ-યુઝ પ્લાસ્ટિકની બોટલોનો વધતો ઉપયોગ પર્યાવરણ માટે ગંભીર સમસ્યા બની રહ્યો છે. પ્લાસ્ટિકનો કચરો લાંબા સમય સુધી નાશ પામતો ન હોવાથી જમીન, પાણી અને સમગ્ર પર્યાવરણ પર તેની પ્રતિકૂળ અસર પડે છે. સરકારી કચેરીઓમાં મોટા પ્રમાણમાં પ્લાસ્ટિકની બોટલોનો ઉપયોગ થવાથી બિનજરૂરી કચરો ઉત્પન્ન થાય છે અને તેના નિકાલ માટે વધારાની વ્યવસ્થા ઊભી કરવી પડે છે, જેને ધ્યાને રાખીને મહાપાલિકા કમિશનરે તમામ કચેરીઓ માટે કડક સૂચનાઓ જારી કરી છે.

નવા પરિપત્ર મુજબ, મહાનગરપાલિકાની તમામ કચેરીઓ, વિભાગો તથા કાર્યસ્થળોમાં સિંગલ-યુઝ પ્લાસ્ટિકની પાણીની બોટલોનો ઉપયોગ ટાળવાનો રહેશે. તમામ અધિકારીઓ અને કર્મચારીઓએ પીવાના પાણી માટે સ્ટીલ, કાચ અથવા પુનઃ ઉપયોગમાં લઈ શકાય તેવી બોટલ કે પાત્રનો જ ઉપયોગ કરવાનો રહેશે. આ ઉપરાંત, કચેરીમાં યોજાતી બેઠકો, તાલીમ કાર્યક્રમો, સેમિનાર કે અન્ય સત્તાવાર પ્રસંગોમાં પ્લાસ્ટિકની નાની પાણીની બોટલોનું વિતરણ કરવા પર રોક લગાવવામાં આવી છે. તમામ વિભાગના શાખાધિકારીઓને પોતાના વિભાગમાં આ સૂચનાઓનું યોગ્ય પાલન થાય તે સુનિશ્ચિત કરવા જણાવાયું છે. કમિશનરે દરેક વ્યક્તિને અંગત સ્તરે પણ પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડવા અપીલ કરી છે.

# ભાવનગર ગ્રામ્યમાં PGVCLની મેગા ચેકિંગ ડ્રાઈવ: ૪૮૦ કનેક્શન તપાસી ૪૦.૬૯ લાખની વીજચોરી ઝડપી

## 52 ટીમો, પોલીસ બંદોબસ્ત અને વિડીયોગ્રાફરો સાથે વરતેજ, વલ્લભીપુર, સિહોર અને નારી સહિતના વિસ્તારોમાં દરોડા; ૧૨૦ કનેક્શનમાં ગેરરીતિ સામે આવી

ભાવનગર,તા.૨૦

PGVCL ભાવનગર સર્કલના ગ્રામ્ય ડિવિઝન હેઠળ GUVNL દ્વારા વીજચોરી વિરોધી એક વ્યાપક ઈન્ટેન્સિવ ચેકિંગ ડ્રાઈવ યોજવામાં આવી હતી. આ કાર્યવાહી અંતર્ગત વરતેજ, વલ્લભીપુર, નારી, સિહોર ગ્રામ્ય અને સણોસરા સબ ડિવિઝન હેઠળ આવતા વિવિધ ગામો અને વિસ્તારોમાં સઘન ચેકિંગ હાથ ધરીને કુલ ૪૮૦ વીજ કનેક્શનની તપાસ કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન ૧૨૦ કનેક્શનમાં વીજચોરી ઝડપાઈ હતી, જેના પરિણામે વીજ કંપની દ્વારા કુલ રૂ. ૪૦.૬૯ લાખની દંડકીય આકરણી કરવામાં આવી છે.

આ સમગ્ર ડ્રાઈવને સફળ બનાવવા માટે ભાવનગર અને વલ્લભીપુર તાલુકામાં કુલ ૫૨ ટીમો તૈનાત કરવામાં આવી હતી, જેમાં GUVNLની ૧૧, કોર્પોરેટની ૧૫ અને O&M વિભાગની ૨૬ ટીમોનો સમાવેશ થતો હતો. સુરક્ષા વ્યવસ્થા સુનિશ્ચિત કરવા માટે 15 SRP જવાનો, 16 GUVNL પોલીસ અને ૬ સ્થાનિક પોલીસ કર્મચારીઓનો કડક બંદોબસ્ત સાથે રાખવામાં આવ્યો હતો, જ્યારે કામગીરીની પારદર્શિતા માટે ૫ વિડીયોગ્રાફરો દ્વારા સમગ્ર કાર્યવાહીનું વીડિયો રેકોર્ડિંગ પણ કરવામાં આવ્યું હતું.

તપાસની વિગતો મુજબ, RGP કેટેગરીના ૪૬૦ કનેક્શન પૈકી ૧૧૫માં વીજચોરી ઝડપાઈ હતી, જ્યારે NRGP કેટેગરીના ૨૦ કનેક્શનમાંથી ૫ કેસ મળી આવ્યા હતા. આ દરોડા દરમિયાન ભાવનગર ગ્રામ્ય હેઠળના ભીકડા અને ખાંટડી ગામ, સિહોર ગ્રામ્યના ટાણા, ઢુંપકા અને સાખવદર ગામ, વલ્લભીપુર ગ્રામ્યના દરેડ અને કાળાતળાવ ગામ, સણોસરા ગ્રામ્યના બજુડ અને ગોલરમા ગામ તેમજ નારી સબ ડિવિઝન હેઠળના સનેસ અને નારી વિસ્તારમાં વિશિષ્ટ તપાસ હાથ ધરવામાં આવી હતી. ફ્ઝ્ન દ્વારા મોટી સંખ્યામાં વીજ જોડાણો ચકાસીને ગેરરીતિ આચરનારા તમામ ગ્રાહકો સામે નિયમ મુજબ આગળની કાયદાકીય કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે.

# ભાવનગરમાં જૈન સમાજ દ્વારા સ્વાતંત્ર્ય પર્વે પ્રભાતફેરી જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાયનું વિતરણ

## શ્વેત વસ્ત્રોમાં ચતુર્વિધ સંઘ જોડાયો; રાષ્ટ્ર નિર્માણમાં જૈન શ્રેષ્ઠીઓના પ્રદાનને વાગોળવામાં આવી

ભાવનગર,તા.૨૦

સ્વાતંત્ર્ય પર્વે વિશેષ પ્રભાતફેરીમાં સમગ્ર ચતુર્વિધ સંઘ શ્વેત વસ્ત્રો પરિધાન કરીને વિશાળ સંખ્યામાં ઉત્સાહભેર જોડાયો હતો. આ જાગૃતિ રેલી દરમિયાન બાળકો અને યુવાનોએ સ્વચ્છતા અભિયાનના પોસ્ટરો તેમજ બેનરો દર્શાવીને સમાજમાં જનજાગૃતિનો સંદેશ ફેલાવ્યો હતો. રાષ્ટ્રપ્રેમ અને ધર્મપ્રેમના આ અનોખા સમન્વય સમાન કાર્યક્રમમાં દેશની આઝાદી, રાષ્ટ્ર નિર્માણ તેમજ બલિદાનમાં જૈન સમાજ અને ઐતિહાસિક નગરશેઠોના બહુમૂલ્ય યોગદાનને શ્રદ્ધાપૂર્વક યાદ કરવામાં આવ્યું હતું.

પ્રભાતફેરી દરમિયાન સંબોધન કરતા જણાવાયું હતું કે, જૈન સમાજે માત્ર ધાર્મિક કે સામાજિક ક્ષેત્રે જ નહીં, પરંતુ રાષ્ટ્ર નિર્માણ અને સ્વતંત્રતા ચળવળમાં પણ મોખરાનું સ્થાન ભજવ્યું છે. આઝાદીની લડતમાં સૌપ્રથમ આગળ આવીને દેશસેવા કાજે સર્વસ્વ સમર્પિત કરનારા મહાનુભાવો, અમદાવાદના ઐતિહાસિક નગરશેઠો, શેઠ મોતીશાહ, શેઠ ખુશાલચંદ તેમજ પ્રેમચંદ ઝવેરી સહિતના નામાંકિત અગ્રણીઓએ આપેલું યોગદાન સદાય અવિસ્મરણીય રહેશે. ધર્મ અને દેશસેવા બંને સમાંતર રહીને માનવતાનો માર્ગ પ્રશસ્ત કરે છે તેવો પ્રેરક સંદેશ ઉપસ્થિત શ્રાવક-શ્રાવિકાઓને આપવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમના ભાગરૂપે જૈનાચાર્ય આચાર્ય વિજય રાજહંસસૂરીશ્વરજી મહારાજ સાહેબની પાવન પ્રેરણાથી એક ઐતિહાસિક સેવાકીય કાર્ય સંપન્ન થયું હતું. જેમાં કૃષ્ણનગર વિભાગમાં આવેલી સરકારી શાળાઓમાં અભ્યાસ કરતા ૯૦૦થી વધુ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ૬ નોટબુક સહિતની સંપૂર્ણ શૈક્ષણિક સ્ટેશનરી સામગ્રી ધરાવતી કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પૂજ્ય જૈનાચાર્ય દ્વારા બાળકોને જીવન ઘડતર, સંસ્કાર અને શિક્ષણના મહત્વ પર પ્રેરણાદાયી પ્રવચન આપવામાં આવ્યું હતું. જૈન સમાજ સદાય જીવદયા અને માનવસેવા માટે અગ્રેસર રહ્યો છે ત્યારે આવા પ્રકલ્પો સમાજમાં નવી ચેતના અને સકારાત્મક ઉર્જાનો સંચાર કરે છે.

# ભાવનગર RTOમાં વાહન ટ્રાન્સફર અને HP કામગીરીમાં વિલંબ મુદ્દે કલેક્ટરને રજૂઆત

## નામ ટ્રાન્સફર અને હાઈપોથેકેશનની પેન્ડિંગ અરજીઓનો તાત્કાલિક નિકાલ કરવા અને સમયમર્યાદા નક્કી કરવા ટુ વ્હીલર એસોસિએશનની માંગ

ભાવનગર:

ભાવનગર RTO કચેરીમાં વાહન સંબંધિત કામગીરીમાં પડી રહેલી ભારે મુશ્કેલીઓ અને થતા વિલંબના મુદ્દે ભાવનગર ટુ વ્હીલર એસોસિએશન દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવીને રજૂઆત કરવામાં આવી હતી. એસોસિએશને વાહનના નામ ટ્રાન્સફર, HP કેન્સલ તેમજ નવા માલિકના નામે HP દાખલ કરવા સહિતની કામગીરીમાં લાંબા સમયથી થતા વિલંબ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. સ્પષ્ટ પ્રક્રિયા અને યોગ્ય માર્ગદર્શનના અભાવે વાહન વેપારીઓ તથા ગ્રાહકોને RTO કચેરીના અવારનવાર ધક્કા ખાવા પડી રહ્યા છે. આ પરિસ્થિતિને કારણે પેન્ડિંગ કામગીરીનો તાત્કાલિક નિકાલ કરી સરળ અને ચોક્કસ સમયમર્યાદાવાળી વ્યવસ્થા ગોઠવવાની માંગ ઉઠાવવામાં આવી હતી.

આ રજૂઆત દરમિયાન એસોસિએશને એક અત્યંત મહત્વનો સુરક્ષા અને કાયદાકીય મુદ્દો પણ ઉઠાવ્યો હતો. વાહનનું નામ ટ્રાન્સફર પેન્ડિંગ હોય તે સમયગાળા દરમિયાન જો કોઈ અકસ્માત, ચોરી કે ગુનાહિત ઘટના બને તો તેની કાયદાકીય જવાબદારી કોની રહેશે તે અંગે સવાલ ઉઠાવીને તાત્કાલિક સ્પષ્ટ માર્ગદર્શિકા જાહેર કરવા વિનંતી કરાઈ હતી. સમસ્યાના કાયમી ઉકેલ માટે એસોસિએશને પેન્ડિંગ કેસોનો ત્વરિત નિકાલ કરવા, ચોક્કસ સમયસીમા નક્કી કરવા તેમજ ટેકનિકલ ખામી સર્જાય ત્યારે અરજદારને લેખિત જાણ કરી વૈકલ્પિક વ્યવસ્થા પૂરી પાડવાની માંગ કરી હતી. સાથે જ RTOના સંબંધિત અધિકારીઓ સાથે એસોસિએશનની બેઠક યોજી આ પ્રશ્નોનું સકારાત્મક નિરાકરણ લાવવા કલેક્ટર સમક્ષ અપીલ કરવામાં આવી હતી.

# કાળીયાબીડ રાધેકૃષ્ણ હોસ્પિટલના ડોક્ટરની બેદરકારીથી માતા-નવજાતના મોતનો આક્ષેપ

## પરિવારને જાણ કર્યા વગર ઓપરેશન કરી નાખ્યું, તબીબ સામે કાર્યવાહી કરી હોસ્પિટલ સીલ કરવાની માંગ

ભાવનગર,તા.૨૦

ભાવનગરના કુંભારવાડા લાલ કારખાના પાછળ રહેતા અને ડિલિવરીમાટે કાળિયાબીડની રાધેકૃષ્ણ હોસ્પિટલમાં દાખલ કરાયેલી મહિલા અને નવજાત બાળકનું મૃત્યુ થયું હતું. આ બનાવ અંગે મહિલાના પરિવારજનોએ ડોક્ટરની બેદરકારીથી મહિલા અને નવજાનું મોટ થયું હોવાના આક્ષેપ કાર્ય હતા અને તેમની સામે કાયદેસર કાનૂની કાર્યવાહી કરી હોસ્પિટલ સીલ કરવા માંગ કરવામાં આવતા ચકચાર મચી જવા પામી છે.



બનાવ અંગે જાણવા મળતી વિગતો મુજબ કુંભારવાડા લાલ કારખાના પાછળ રહેતા નિલેશભાઈ ભરતભાઈ ચૌહાણના પત્ની સુમિત્રાબેનને રાધેકૃષ્ણ હોસ્પિટલ કાળિયાબીડમાં ડિલિવરી માટે દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં પરિવારને અંધારામાં રાખીને મહિલા ડોક્ટરે ઓપરેશન કરી નાખ્યું હતું અને મૃત બાળકનો જન્મ થયો હોવાનું પરિવારને જણાવ્યું હતું બાદ મહિલાની સ્થિતિ ક્રિટિકલ હોવાનું જણાવી બજરંગદાસ બાપા હોસ્પિટલને જાણ કરેલ તેના તબીબોએ મહિલાનું પણ મૃત્યુ થયું હોવાનું જણાવેલ. આમ ડોક્ટરે છેક સુધી પરિવારને અંધારામાં રાખી પોતાની બેદરકારી છુપાવી હતી.

આ અંગે મૃતક મહિલાના દિયરે રાધેકૃષ્ણ હોસ્પિટલના ડોક્ટર સામે બેદરકારીનો આક્ષેપ કરીને જણાવેલ કે તેના કારણેજ માતા અને નવજાત બાળકનું મોટ થયું છે. અને ડોક્ટર સામે કાનૂની કાર્યવાહી કરવા અને હોસ્પિટલને સીલ કરવાની માંગણી કરવામાં આવી હતી. આ બનાવથી પરિવારમાં શોક છવાયો છે.

# શાંતિલાલ શાહ એન્જિનિયરિંગ કોલેજના સિવિલ એન્જિનિયરના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સાઈટ મુલાકાત

ભાવનગર,તા.૨૦

શાંતિલાલ શાહ એન્જિનિયરિંગ કૉલેજ, ભાવનગરના એપ્લાઇડ મિકેનિક્સ વિભાગ દ્વારા ઓમ પાર્ટી પ્લોટ, ચિત્રા, ભાવનગર ખાતે સિવિલ એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓ માટે એક દિવસીય શૈક્ષણિક સાઇટ મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મુલાકાત સ્ટ્રક્ચરલ ડિઝાઈન અને કન્સ્ટ્રક્શન એન્જિનિયરિંગ એન્ડ મેનેજમેન્ટ અભ્યાસક્રમના ભાગરૂપે યોજવામાં આવી હતી.

આ સાઈટ મુલાકાત દ્વારા શાંતિલાલ શાહ એન્જિનિયરિંગ કૉલેજના વિદ્યાર્થીઓને ડિઝાઈન થિયરી, બાંધકામ પદ્ધતિઓ અને કોંક્રિટ, સ્ટીલ તેમજ પ્રીસ્ટ્રેસ્ડ કોંક્રિટ સ્ટ્રક્ચર્સની વિગતવાર સમજ મેળવવાની




અમૂલ્ય તક મળી. વિદ્યાર્થીઓએ ચાલુ બાંધકામ પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કર્યું અને આધુનિક બાંધકામ પદ્ધતિઓ, સ્ટ્રક્ચરલ વર્તણૂક અને એક્ઝિક્યુશન તકનીકોની પ્રત્યક્ષ સમજ મેળવી.

આ પ્રોજેક્ટ, ઓમ ગુરુમિત હોટેલ પ્રાઈવેટ લિમિટેડ, ઓમ પાર્ટી પ્લોટ, ચિત્રા ખાતે વિકસાવવામાં આવી રહ્યો છે અને તેનું સંચાલન પ્રતિષ્ઠિત લેમન ટ્રી ગ્રુપ દ્વારા કરવામાં આવે છે. સ્ટ્રક્ચરલ ડિઝાઈન સેતુ ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા હાથ ધરવામાં આવી છે, જ્યારે પ્રીસ્ટ્રેસ્ડ કોંક્રિટ ડિઝાઈન એઓન પોસ્ટ ટેન્શન, વડોદરા દ્વારા કરવામાં આવી છે. આર્કિટેક્ચરલ ડિઝાઈન ગ્રે સ્પેસ ડિઝાઈન સ્ટુડિયો દ્વારા તૈયાર કરવામાં આવી છે, જેનું નેતૃત્વ આર્કિટેક્ટ ડોલી ખનવાણી અને ઉત્સવ નાગાણી દ્વારા કરવામાં આવે છે. આ પ્રોજેક્ટના પ્રોજેક્ટ મેનેજર એન્જિનિયર વિજયભાઈ ચૌહાણ છે, જેમણે વિદ્યાર્થીઓને પ્રોજેક્ટ એક્ઝિક્યુશન અને વ્યવસ્થાપન અંગે મૂલ્યવાન માર્ગદર્શન પૂરું પાડ્યું. આ મુલાકાત દરમિયાન પ્રો. એચ. કે. સરવૈયા, પ્રો. ડી. પી. અડવાણી, પ્રો. કે. એ. મહેતા અને પ્રો. ડી. એચ. સોલંકી (એપ્લાઈડ મિકેનિક્સ વિભાગ) તેમજ પ્રો. એન. પી. સોની (સિવિલ એન્જિનિયરિંગ વિભાગ) જોડાયા હતા. ફેકલ્ટી સભ્યોએ સમગ્ર મુલાકાત દરમિયાન શિસ્ત અને સલામતીના નિયમોનું કડક પાલન સુનિશ્ચિત કર્યું હતું.

વિદ્યાર્થીઓ માટે લાભો: આ સાઈટ મુલાકાત વિદ્યાર્થીઓ માટે અત્યંત લાભદાયી રહી. તેમને સૈદ્ધાંતિક જ્ઞાનને વાસ્તવિક બાંધકામ સાઈટ પર જોઈને સમજવાની તક મળી, જે તેમના ભાવિ કારકિર્દી માટે અત્યંત મહત્વપૂર્ણ છે. વિદ્યાર્થીઓએ આધુનિક બાંધકામ તકનીકો, સ્ટ્રક્ચરલ ડિટેલિંગ, પોસ્ટ-ટેન્શનિંગ પ્રક્રિયા, સામગ્રીની પસંદગી અને પ્રોજેક્ટ વ્યવસ્થાપનના વ્યવહારુ પાસાઓની પ્રત્યક્ષ સમજ મેળવી. આ અનુભવ તેમને અભ્યાસક્રમના વિષયોને વધુ ઊંડાણપૂર્વક સમજવામાં મદદ કરશે અને ભવિષ્યમાં જ્યારે તેઓ સ્વતંત્ર રીતે કામ કરશે ત્યારે વાસ્તવિક પડકારોનો સામનો કરવા માટે તેમને તૈયાર કરશે. વિદ્યાર્થીઓએ સાઈટ એન્જિનિયરો અને પ્રોજેક્ટ મેનેજર સાથે સીધો સંવાદ કરીને ઉદ્યોગ નિષ્ણાતો પાસેથી માર્ગદર્શન મેળવ્યું, જે તેમના માટે એક અનમોલ અનુભવ રહ્યો.

આ પ્રસંગે બોલતાં, ફેકલ્ટી સભ્યોએ ભારપૂર્વક જણાવ્યું કે આવી સાઈટ મુલાકાતો સૈદ્ધાંતિક જ્ઞાન અને પ્રાયોગિક ઉપયોગ વચ્ચેના અંતરને દૂર કરવા માટે અત્યંત મહત્વપૂર્ણ છે. તેમણે નોંધ્યું કે વાસ્તવિક બાંધકામ પદ્ધતિઓનું અવલોકન કરવાથી વિદ્યાર્થીઓની સ્ટ્રક્ચરલ વર્તણૂક, વિગતો અને પ્રોજેક્ટ એક્ઝિક્યુશનની સમજમાં નોંધપાત્ર વધારો થાય છે, જે સિવિલ એન્જિનિયરો તરીકે તેમના વ્યાવસાયિક વિકાસ માટે અત્યંત આવશ્યક છે. ફેકલ્ટીએ વધુમાં ઉલ્લેખ કર્યો કે શાંતિલાલ શાહ એન્જિનિયરિંગ કૉલેજ શૈક્ષણિક અભ્યાસક્રમ સાથે વ્યવહારુ અનુભવને સંકલિત કરીને સર્વાંગી શિક્ષણ પૂરું પાડવા માટે સતત પ્રયત્નશીલ છે. આ મુલાકાત સફળતાપૂર્વક સમાપ્ત થઈ, જેમાં વિદ્યાર્થીઓએ સાઈટ ટીમ અને ફેકલ્ટી સભ્યોનો આ સમૃદ્ધ શિક્ષણ અનુભવ પૂરો પાડવા બદલ આભાર વ્યક્ત કર્યો. સાઈટ સંચાલને પણ આ મુલાકાતની પ્રશંસા કરી હતી અને વિદ્યાર્થીઓના ભાવિ કારકિર્દી માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

## એક્સેલ એક્સ્પ્રેશન ૨૦૨૫માં એસ.એસ.એન્જી કોલેજના વિદ્યાર્થીઓનો દબદબો



ભાવનગર,તા.૨૦

શાંતિલાલ શાહ એન્જિનિયરિંગ કોલેજના વિદ્યાર્થીઓએ, સુમિટોમો કેમિકલ્સ દ્વારા આયોજિત એક્સેલ એક્સપ્રેશન ૨૦૨૫માં ઝળહળતો દેખાવ કરી કોલેજ વિભાગ માં ફરી એક વાર જનરલ ચેમ્પિયનશીપ મેળવી છે.

કોલેજ દ્વારા પ્રથમ ક્રમ ક્વિઝ (માધવ), કરાઓકે સંગીત (કાવ્યાબા), રેડીયો જોકી (ક્ષી), સાયન્સ એન્ડ ટેક્નોલોજી ( Team Civil)( શ્રેયાંશ, હીમાંશુ, યુગ, આસ્થા, સીમરન), બિઝનેસ આઇડીયા (શ્રેયાંશ) તેમજ દ્વિતિય ક્રમ બિઝનેસ આઇડિયા (જયવીરસિંહ) તથા ત્રીજો ક્રમ ક્વિઝ (ધ્રુવ) રેડીયો જોકી (પુષ્ટી) લોકગીત (ભાવિન), સાયન્સ એન્ડ ટેક્નોલોજી (Team IT) મેળવવામાં આવેલ છે. આ સફલતા બદલ સંસ્થાના આચાર્ય વડોદરીયાએ સૌ વિદ્યાર્થીઓને બિરદાવ્યા. આ ઉપરાંત સૌ ખાતાના વડાઓએ પણ શુભેચ્છાઓ પાઠવી હતી.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)




ભાવનગર આવૃત્તિ 8 તા. ૨૦-૦૮-૨૦૨૬, ગુરૂવાર
LEELA NEWS NETWORK P. LTD
# સૌરાષ્ટ્ર આસપાસ
સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર
બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫




## ભાવનગરમાં ઝેરી દારૂ પીવાથી સાત લોકોના મોતની સતાવાર પૃષ્ટી

# વરતેજમાં ઝેરી લઠ્ઠો બનાવનાર રઈસ ગુજરાતમાં દોઢ મહિનાથી ડુપ્લીકેટ દારૂ બનાવતો હતો: એસએમસી દ્વારા કરાયો પર્દાફાશ

### વરતેજના કથીત લઠ્ઠાકાંડમાં ડુપ્લીકેટ દારૂમાં ઈથેલોન અને મિથેલોન મળી આવ્યું : અત્યાર સુધીમાં સાત લોકોના મોતની સત્તાવાર પૃષ્ટી, ૩૭ લોકો હજુ સારવાર તળે : ઉજ્જૈનથી રઈસને ઝડપી લેવાયો, સમગ્ર રાજ્ય ઉપરાંત મધ્યપ્રદેશ અને દિલ્હી સુધી તપાસ લંબાવાઈ

ભાવનગર,તા.૨૦

ભાવનગરના વરતેજમાં ડુપ્લીકેટ ઝેરી દારૂ પીવાથી સત્તાવાર મૃત્યુ આંક સાત થયાની જિલ્લા કલેક્ટરે પુષ્ટી કરી છે, તો અસરગ્રસ્તોની કુલ સંખ્યા ૪૬ દર્શાવાઈ છે. જે પૈકી કેટલાકની તબીયત ગંભીર હોવાનું જાણવા મળ્યુ છે. બીજી બાજુ બીનસત્તાવાર મૃત્યુ આંક નવ હોવાનું સામે આવ્યું છે. દરમિયાનમાં તપાસનો દોર સંભાળી રહેલા સ્ટેટ મોનીટરીંગ સેલના એસપી ચાવડાએ આજે પત્રકાર પરીષદ યોજીને આ લઠ્ઠાકાંડમાં પોલીસ ડુપ્લીકેટ દારૂની છેલ્લામાં છેલ્લી બોટલ અને છેલ્લા ટીપા સુધી જપ્ત કરવા પ્રયાસ કરી રહી હોવાનું જણાવી મોટાભાગનો ઝેરી દારૂ જપ્ત કરી લેવાયાનું ઉમેર્યુ હતું. તેમણે આ કાંડમાં સંડોવાયેલા મુખ્ય આરોપી રઈસ દ્વારા છેલ્લા દોઢેક મહિનાથી


તસવીર : ધવલ વાજા


આરોપી રઈસ

ભાવનગર ઉપરાંત રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં ઈથેલોન અને મિથેલોન સહિતની સામગ્રીનો ઉપયોગ કરીને ડુપ્લીકેટ દારૂ બનાવવાની પ્રવૃત્તી થઈ રહી હોવાનું તપાસમાં સામે આવ્યાનું કહ્યું હતું. મુખ્ય આરોપી રઈસની ઉજ્જૈનથી ઉઠાવી લેવાયો છે. જ્યારે દારૂ બનાવવામાં માહિર અન્ય એક આરોપી નરેન્દ્ર યાદવ ઉર્ફે ડોકટરનું અગાઉ મૃત્યુ થઈ ચુક્યુ છે.

### પોલીસે ૨૧ પૈકી આ ૧૩ આરોપીને ઉઠાવ્યા

**ભાવનગરના વરતેજમાં કેમીકલયુક્ત ઝેરી દારૂ બનાવી અને તેને ગ્રાહકો સુધી પહોચાડવાની ગેરકાયદે અને ગુનાહીત પ્રવૃત્તિમાં સંકળાયેલા ૨૧ લોકો સામે ગુનો દાખલ થયો છે તે પૈકી પોલીસે અત્યાર સુધીમાં ૧૩ને દબોચી લેવામાં સફળતા મેળવી છે. એસએમસીના એસપી ચાવડાએ જણાવ્યું હતું કે આ ગુનામાં ગૌતમ સોલંકી, સારસ સોલંકી, જતીન, ધર્મેન્દ્રસિંહ, મનદિપસિંહ, પારસ ઉર્ફે પપ્પુ, જયદીપ, ભાર્ગવ, વિવેક, હર્ષ, કેવલ, સુખદેવ અને હાર્દિકને ઝડપી લઈ કોર્ટમાં રજુ કરી રીમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરાઈ છે. સમગ્ર પ્રકરણની તપાસ એસએમસીના પીઆઈ જાડેજાને સોંપાઈ છે.**

એસએમસીના એસપીએ જણાવ્યું કે વરતેજમાં ઝેરી દારૂ બાદ માનવ મૃત્યુની ઘટના સામે આવતા તુરંત જ રાજ્ય સરકાર અને ડીજીપીના આદેશના પગલે એસએમસીએ (જુઓ પાનું ૬) ≫

# નકલી દારૂકાંડમાં મુખ્ય સૂત્રધાર ગૌતમ સોલંકી સહિત ૨૧ બુટલેગરો સામે ગુનો દાખલ; અત્યાર સુધીમાં ૧૩ દબોચાયા

| ક્રમ | મરણ જનારની વિગત | કઇ હોસ્પિટલમાં દાખલ | મરણ તારીખ |
|---|---|---|---|
| ૧ | ઉપેન્દ્રસિંહ ચંદ્રસિંહ ગોહિલ, રહેવાસી: ખરકડી, તા. ઘોઘા. | સર ટી હોસ્પિટલ, ભાવનગર | ૧૮/૦૮/૨૦૨૫ |
| ૨ | કાર્તિક અશ્વિનભાઈ મકવાણા (ઉ.વ. ૪૦), કાચના મંદિર પાસે, તળાજા જકાતનાકા. | સર ટી હોસ્પિટલ, ભાવનગર | ૧૮/૦૮/૨૦૨૫ |
| ૩ | કનકસિંહ હનુભા ગોહિલ (ઉ.વ. ૩૭), રહે. હાલ - બાલાહનુમાન પાસે, રૂવા. | સર ટી હોસ્પિટલ, ભાવનગર | ૧૯/૦૮/૨૦૨૫ |
| ૪ | ઘનશ્યામસિંહ જયપાલસિંહ જાડેજા (ઉ.વ. ૪૯), કબીર આશ્રમ રોડ, કાળિયાબીડ. | અરહમ હોસ્પિટલ | ૧૯/૦૮/૨૦૨૫ |
| ૫ | નરેન્દ્રસિંહ યાદવ (ઉ.વ. ૪૭), રહે. મુરેના શહેર, મધ્યપ્રદેશ. | અરહમ હોસ્પિટલ | ૧૮/૦૮/૨૦૨૫ |
| ૬ | હિતેશભાઈ દિલીપભાઈ પરમાર (ઉં.વ. ૪૨), રહે. વિદ્યાનગર, મેલડીમાના મંદિરના ખાંચામાં, દિલબર ફ્લેટ. | ઘર પર | ૧૯/૦૮/૨૦૨૫ |
| ૭ | જય જીતુભાઈ ભટ્ટી (ઉંમર વર્ષ ૩૫), રહે. રૂદ્ર રેસિડેન્સી, ભગવતી સર્કલ, કાળિયાબીડ. | સર ટી હોસ્પિટલ, ભાવનગર | ૧૯/૦૮/૨૦૨૫ |





તસવીર : ધવલ વાજા

### અગાઉ બનાવલે ૫૧ પેટી દારૂ વેચ્યા બાદ ફરી બનાવેલો દારૂ ઝેરી હોવાની જાણ હોવા છતાં ૨૫ પેટી બુટલેગરોને વેચી દીધી; દારૂ બનાવનાર 'ડોક્ટરે' પણ પીધો અને મર્યો

ભાવનગર,તા.૨૦

ચકચારી નકલી દારૂકાંડમાં ૭-૭ યુવકોના મોત નીપજ્યા છે, અને અનેક હજુ જિંદગી સામે જંગ લડી રહ્યા છે. બીજી બાજુ પોલીસ તપાસમાં ચોંકાવનારા ખુલાસાઓ સામે આવ્યા છે. વરતેજ પોલીસ સ્ટેશનના પીઆઈ પઢેરિયા દ્વારા મુખ્ય સૂત્રધાર ગૌતમ સોલંકી સહિત ૨૧ બુટલેગરો સામે ગુનો નોંધવામાં આવ્યો છે. તપાસ દરમિયાન ખુલેલી વિગતો મુજબ, ગૌતમે ઉજ્જૈનના રઈશ અને તેના સાગરીતોને ભાવનગર બોલાવી અમદાવાદથી બોટલ, સ્ટીકર અને મિથેનોલ જેવા રો-મટીરિયલ મેળવી અગાઉ ૫૧ પેટી દારૂ બનાવ્યો હતો, જે ગૌતમ અને તેના સાળા જતિને મળીને વેચી નાખ્યો હતો.

ત્યારબાદ બીજી વાર દારૂ બનાવવાની પ્રક્રિયા દરમિયાન દારૂ ખરાબ બનતાં તેનો નાશ કરાયો હતો અને નરેન્દ્રસિંહ યાદવ ઉર્ફે 'ડોકટર' (રે. ઉજ્જૈન)ને બોલાવી તેના માર્ગદર્શન હેઠળ મિથેનોલયુક્ત ઝેરીલો દારૂ તૈયાર કરવામાં આવ્યો હતો. આશ્ચર્યજનક રીતે, આ ઝેરી દારૂ પીવાના કારણે માર્ગદર્શન આપનાર નરેન્દ્રસિંહ ઉર્ફે 'ડોક્ટર'નું પણ મોત નીપજ્યું હતું.આ દારૂ ઝેરી હોવાની સ્પષ્ટ જાણ હોવા છતાં ગૌતમ અને તેની ગેંગે ભાવનગરના જુદા જુદા બુટલેગરોને ૨૫ પેટી દારૂનું વેચાણ કરી દીધું હતું.!!

ખરકડી ગામના ઉપેન્દ્રસિંહ, વિશ્વરાજસિંહ અને હરપાલસિંહે હરપાલસિંહની વાડીએ દારૂ પીધો હતો, જેમાં તબિયત લથડતાં ઉપેન્દ્રસિંહનું મોત નીપજ્યું હતું. પોલીસ તપાસમાં આ દારૂ ધર્મેન્દ્રસિંહ ગોહિલ, અર્જુનસિંહ અને પારસ ઉર્ફે પપ્પુ મારફતે આવ્યો હોવાનું ખૂલ્યું હતું. ત્યારબાદ જેલ રોડ પરથી સંજય રાવતની ૩૫ બોટલ સાથે અટકાયત કરી પૂછપરછ કરતાં ગૌતમ સોલંકીનું નામ સામે આવ્યું હતું. ગૌતમે પારસને ૬ પેટી, સંજયને ૩ પેટી, જયદીપ મકવાણાને ૨ પેટી અને ભાર્ગવ ભટ્ટને ૧૩ પેટી દારૂ વેચ્યો હોવાનું સામે આવ્યું છે. આ મામલે વરતેજ પોલીસે તમામ ૨૧ આરોપીઓ સામે મ્ડ્રજી એક્ટ તથા પ્રોહિબિશન એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ પૈકી ૧૩ આરોપીને આજે બપોર સુધીમાં પોલીસે દબોચી લીધા હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

### ભાવનગરથી રોયલ સ્ટેગની બોટલ લઈને સુરત પહોંચેલા યુવાનની તબિયત લથડી, અન્ય એકનું શંકાસ્પદ મોત !

**કાપડ ખરીદી માટે ભાવનગરથી સુરત ગયેલા યુવકનું રૂમમાં શંકાસ્પદ મોતથી તર્કવિતર્ક**

ભાવનગર,તા.૨૦

ભાવનગર જિલ્લામાં નકલી ઇંગ્લિશ દારૂ પીવાના કારણે સર્જાયેલા દર્દનાક લઠ્ઠાકાંડમાં મૃત્યુઆંક વધીને ૭સુધી પહોંચતાં સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. અત્યાર સુધીમાં ૭ વ્યક્તિનાં મોત દારૂજન્ય હોવાની પુષ્ટિ થઈ છે, જ્યારે બે મોત અત્યંત શંકાસ્પદ માનવામાં આવી રહયા છે.

દરમિયાન, આ લઠ્ઠાકાંડનું સુરત કનેક્શન હોવાની આશંકાને પગલે ભાવનગર પોલીસે ગુપ્ત તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. તપાસમાં સામે આવ્યું છે કે સંજય ડોડીયા નામનો યુવક ગત રવિવારે ભાવનગરથી રોયલ સ્ટેગ દારૂની બોટલ લઈને સુરત આવ્યો હતો. કેફી પીણું પીધા બાદ તેની તબિયત અચાનક લથડતાં તેને સુરતની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે, જ્યાં પોલીસ અને તેના પરિવારજનો તેની સ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છે.

બીજી તરફ, ભાવનગરના રહીશ પ્રકાશ નામના વ્યક્તિ પોતાના બે મિત્રો સાથે કાપડની ખરીદી માટે સુરત ગયા હતા અને કામરેજ દાદા ભગવાન મંદિર પાછળની લોજમાં રોકાયા હતા. સવારે મિત્રોએ જગાડવાનો પ્રયાસ કરવા છતાં પ્રકાશ ન ઉઠતાં ૧૦૮ મારફતે હોસ્પિટલ પહોંચાડાયા હતા, જ્યાં તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. કામરેજ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ભાવનગરની ઘટનાના સંદર્ભમાં આ મોતને લઈને પણ અનેક તર્ક-વિતર્ક સર્જાતાં પોલીસે તમામ પાસાં પર ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે.

### રોયલ સ્ટેગની ૩૫ બોટલ સાથે ઝડપાયેલો સંજયના બે દિવસ પોલીસના રિમાન્ડ પર

ભાવનગર,તા.૨૦

વરતેજના શખસે પોતાના ઘરે ડુપ્લીકેટ વિદેશી દારૂની ફેક્ટરી ચલાવી શહેર અને ગ્રામ્ય પંથકમાં મોત વહેંચ્યું હતું. આ ચકચારી ઘટનાના પગલે પોલીસે જુદી જુદી જગ્યાએ દરોડા પાડીને મોતના સોદાગર ગૌતમ સોલંકી પાસેથી દારૂ મેળવનારા બે શખસોની ધરપકડ કરી છે. પોલીસે સરકારી ક્વાર્ટરના શખસ પાસેથી વિદેશી દારૂની બોટલો અને કુંભારવાડાના શખસ પાસેથી ૨૦ બિયરના ટીન બરામત કરી બંને સામે અલગ-અલગ ગુના દાખલ કર્યા છે. આ સાથે જ દારૂ સાથે ઝડપાયેલા આરોપીને કોર્ટમાં રજૂ કરી પોલીસે બે દિવસના રિમાન્ડ મેળવ્યા છે.

ઘટનાની વિગતો મુજબ, નીલમબાગ પોલીસે બાતમીના આધારે જેલ ગ્રાઉન્ડ સામે આવેલા સરકારી ક્વાર્ટરમાં રહેતા સંજય રાવતભાઈ ચાવડા (મૂળ રહે. નવાપરા, અરઠીયા, તા. ઉના)ના ક્વાર્ટરમાં તલાશી લેતાં રોયલ સ્ટેગ કંપનીની ૩૫ બોટલ મળી આવી હતી. સંજયની અટકાયત કરી પૂછપરછ કરતાં તેણે કબૂલાત કરી હતી કે, તે વરતેજમાં ગૌતમ સોલંકી પાસેથી ૩૬ બોટલ લાવ્યો હતો, જેમાંથી એક બોટલ રસ્તામાં તૂટી ગઈ હતી. નીલમબાગ પોલીસે સંજય ચાવડા અને ગૌતમ સોલંકી સામે ગુનો નોંધી સંજયને કોર્ટમાં રજૂ કરી બે દિવસના રિમાન્ડ મેળવ્યા છે.

બીજા બનાવમાં, બોરતળાવ પોલીસે કુંભારવાડા વિસ્તારના બાથાભાઈના ચોક પાસે રહેતા જયદીપ જીવરાજભાઈ મકવાણાના ઘર પાસે રેડ કરીને ૨૦ બિયરના ટીન સાથે તેની અટકાયત કરી હતી. જયદીપે પણ આ બિયર ટીન વરતેજના ગૌતમ સોલંકી પાસેથી લાવ્યા હોવાની કબૂલાત આપતાં બોરતળાવ પોલીસે જયદીપ મકવાણા અને ગૌતમ સોલંકી સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદાકીય કાર્યવાહી હાથ ધરી છે.

**વરતેજના ગૌતમ સોલંકી પાસેથી દારૂ મેળવનારા કુંભારવાડા અને સરકારી ક્વાર્ટરના શખસો સામે ગુના દાખલ**

